EDII

Gujarat Samachar (Plus)

March 31, 2019
Pg.No.1

# બિઝનેસને ટકાવી રાખવા માટે ટાર્ગેટ ઓડિયન્સ અને માર્કેટ મળવું જરૂરી

## EDIIમાં સ્ટાર્ટઅપ વિશે કોન્ફરન્સનું આયોજન



એન્ટપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(ઈડીઆઈઆઈ) ખાતે ગ્રોથ ઓફ સ્ટાર્ટઅપ વિશે બે દિવસીય કોન્ફરન્સનું આયોજન કરાયું છે, જેમાં ૫૫૦ જેટલા સ્ટાર્ટઅપ ઈનોવેટરે ભાગ લીધો છે. કોન્ફરન્સમાં આઈઓસીએલના ડિરેક્ટર ડૉ. એસએસવી રામકુમારે સ્ટાર્ટઅપ વિશેની વાતમાં કહ્યું કે, ઈમેજિનેશન, ઈન્સ્પિરેશન, ઈન્વેનશન અને ઈનોવેશન આ ચાર તત્વો સ્ટાર્ટઅપમાં ખૂબ મહત્ત્વના છે.

### એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂશન અને ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે મોટો ગેપ જોવા મળે છે

સ્ટાર્ટઅપને પ્રાધાન્ય મળે તેવી ઈકોસિસ્ટમ ખૂબ અગત્યની હોય છે, પરંતુ અત્યારે એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂશન અને ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે મોટો ગેપ જોવા મળે છે. દેશમાં ખેતી બીજા ક્ષેત્ર કરતા અગ્રેસર હોવાથી એગ્રીકલ્ચર સેક્ટરમાં પણ ઈનોવેશન થવા જોઈએ અને તે ઈનોવેશનને પ્રાધાન્ય મળવું જોઈએ. છેલ્લા પાંચ વર્ષોમાં સોસાયટી બેઝ સ્ટાર્ટઅપ વધ્યા છે, જે દેશની ઈકોનોમી માટે સારી વાત છે. **- ડૉ. વી.કે. સારસ્વત, નીતિ આયોગ**

### સ્ટાર્ટઅપ સાથે માર્કેટની જાણકારી પણ મેળવવી

ઈનોવેટર્સે પોતાના સંશોધન અને સ્ટાર્ટઅપને કેવી રીતે આગળ વધારી શકાય તે વિશેની જાણકારી મેળવવી જોઈએ. કારણ કે, બિઝનેસની શરૂઆત સાથે તેને ટકાવી રાખવા માટે ટાર્ગેટ ઓડિયન્સ અને માર્કેટ મળવું જરૂરી છે. સાથે જ સ્ટાર્ટઅપ દ્વારા કેવા પ્રકારના કોમર્સિયલ ફાયદા મળી શકે છે, તેની જાણકારી રાખવી ખૂબ અગત્યની છે. **- ડૉ. આનંદ**